



# વડગામ પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

વડગામ તાલુકામાં સોમવારના સવારે મેઘરાજાએ પધરામણા કર્યા હતા. જેમાં સવારથી સાંજના ચાર વાગ્યા સુધીમાં ૧૫ એમ.એમ. વરસાદ ખાબક્યો હતો. વડગામ પંથકમાં ભારે ગરમીના ઉકળાટ બાદ વરસાદથી લોકોમાં ટાઢક પ્રસરી હતી. વડગામ તાલુકામાં અડધા ઈંચ જેટલા વરસાદમાં જ વડગામ, મેમદપુર, પેપોળ સહીતના ગામડાઓમાં બસસ્ટેન્ડ આસપાસ પાણી ભરાયા હતા. નજીવા વરસાદમાં જ પાણી ભરાઈ રહેતા વધુ વરસાદ પડે તો લોકોના શું હાલ થાય ? તે વહીવટી તંત્રને ચોમાસાની શરૂઆતથી જ વિચારવા જેવું છે. મેમદપુર ગામમાં દર વર્ષે બસસ્ટેન્ડથી પેપોળ જવાના માર્ગ ઉપર આવેલા ઠાકોર તેમજ પ્રજાપતિ ભાઈઓના મહોલ્લા પાસે પાણી ભરાય રહેતું હોવા છતાં કોઈજ નિકાલ થતાં નથી જેના કારણે ગ્રામજનોને દર વર્ષે ચોમાસામાં ભારે મુશ્કેલીઓ સહન કરવી પડે છે. વરસાદી પાણીનો કાયમી નિકાલ કરાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. નજીવા વરસાદમાં જ હાડમારીઓ શરૂ થઈ જતાં લોકોમાં તંત્ર સામે રોષ પ્રગટ થઈ રહ્યો છે. અત્રે નોંધનીય છે કે વડગામમાં મોસમનો કુલ વરસાદ ૩૨એમ.એમ. નોંધાયો હોવાનું વડગામ મામલતદાર કચેરીના ડીઝાસ્ટર શાખાના પંકજભાઈ મોદીએ જણાવ્યું હતું.

# સામાન્ય વરસાદમાં પણ ડીસામાં દુકાનો સામે પાણી ભરાતા આક્રોશ

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાના ટ્રાફીકથી ધમધમતા બસસ્ટેન્ડ રોડ ઉપર આવેલી આદર્શ હાઈસ્કૂલ સામેની દુકાનો આગળ સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાઈ જતા વેપારીઓ તોબા પોકારી ઉઠ્યા હતા.

ડીસાના સરદાર બાગથી બસસ્ટેન્ડ સુધીના રોડ ઉપર સરકારી કચેરીઓ અને હાઈસ્કૂલ આવેલી હોવાથી આખો દિવસ માનવીય ચહલ પહલ સાથે વાહનોનો વધુ ઘસારો રહે છે તેથી ટ્રાફિક ચક્કજામની સમસ્યા રોજિંદી બની ગઈ છે. અધૂરામાં પૂરું, ગઈકાલે મંગળવારે સામાન્ય વરસાદમાં પણ આદર્શ હાઈસ્કૂલ સામે આવેલી દુકાનો આગળ પાણી ભરાઈ ગયું હતું તેથી ટ્રાફિકની સમસ્યા વણસી જવા સાથે નાના વેપારીઓની હાલત કફોડી બની જવા પામી હતી. વેપારીઓને પાણી ઉલેચવું કે ધંધો કરવો ? તેથી તોબા પોકારી ઉઠેલા વેપારીઓએ રોડ બનતી વખતે કોન્ટ્રકટરના અણઘડ આયોજનથી વરસાદી પાણી ભરાઈ જવાની ઉગ્ર રજુઆતો કરી હતી પરંતુ માથાભારે કોન્ટ્રકટરે તેમની વ્યાજબી રજુઆત કાને ધરી ન હતી.

પાલિકાના સત્તાધીશોએ પણ લેવલિંગ વિના બનતા રોડ સામે આંખ આડા કાન કર્યા હતા જેનો ભોગ વેપારીઓને બનવું પડ્યું હોવાનો વસવસો વ્યક્ત કર્યો હતો. હજું તો ચોમાસાની શરૂઆત છે ત્યાં આ હાલતથી વેપારીઓ માટે ચોમાસું વસમું પુરવાર થવાની પૂરેપૂરી શકયતા છે જેને ગંભીરતાથી લઈ નગરપાલિકાતંત્ર સત્વરે વરસાદી પાણીના નિકાલનો પ્રબંધ કરે તેમ વેપારીઓએ જણાવી આક્રોશ ઠાલવ્યો હતો.



## ખેડબ્રહ્મામા એસબીઆઈ બેંક સતત બીજા દિવસે સર્વર ખોટકાતા બંધ

ખેડબ્રહ્મામાં સરદાર પટેલ રોડ પર આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા બે દિવસથી બંધ હાલતમાં છે જેને લઈ વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ખેડબ્રહ્મણી એબીઆઈ બેક સોમવાર અને મંગળવારના રોજ સર્વર ખોટવાતા બંધ રહેવા પામી હતી. જેને લઈ લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખેડબ્રહ્મા તાલુકા મથકમાં આવેલ એસ.બી.આઈ. બેંકમાં તાલુકાના મોટા ભાગના વેપારીઓના ખાતા આવેલ છે આ ઉપરાંત સરકારી લેવડ દેવડ અને શાળાના બાળકોના શિસ્યવૃત્તિના ખાતા પણ મોટા ભાગના અહીં આવેલ છે અને સિનિયર સિટીઝનના પેન્શન ખાતા પણ અહીં આવેલ છે. સોમવાર અને મંગળવારના રોજ સર્વર ખોટવાતા લોકો ધકકે ચડી ગયા હતા અને ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને સિનિયર સિટીઝનને ધરમ ધક્કા ખાવા પડયા હતા. જ્યારે વેપારી વર્ગની મુશ્કેલીઓનો કોઈ પાર નથી.

### વાયુની વ્યાપક અસર ઉત્તર ગુજરાતમાં
# મેઘરાજાની પધરામણીને વધામણાં કરતા ભૂલકાઓ અને ખેડૂતો

મોડાસા, તા. ૧૮

વાયુ વાવાઝોડાની અસરથી પ્રિ-મોનસુન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદી માહોલ સર્જાયો છે. છેલ્લા ચારેક દિવસથી વાદળછાયુ વાતાવરણ સર્જતા ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં કેટલાક ઉત્તરગુજરાતમાં વાદળછાયું વાતાવરણ સવારથી જોવા મળ્યા પછી વરસાદ વરસતા અને કેટલાક વિસ્તારોમાં તો ધોધમાર વરસાદ ખાબકતા નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

ચોમાસુ શરૂ થયુ નથી પરંતુ વાવાઝોડાની અસરને કારણે ભારે



વિસ્તરોમાં ધોધમાર વરસાદી ઝાપટું અને છુટા છવાયા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મેઘમહેરમાં ભુલકાંઓએ વરસાદનો લુપ્ત ઉઠાવાયો હતો. ખેતી લાયક વરસાદ થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વાયુ વાવાઝોડું કચ્છમાં ત્રાટકવાનું હોવાથી હવામાન વિભાગે મંગળવારે કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની ખાબકવાની આગાહી કરી હતી. વરસાદ પડી શકે તેમ હોય બંને જિલ્લાનુ તંત્ર સાબદુ થયુ છે. તંત્ર દ્વારા તમામ તાલુકા મથકોએ કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવ્યા આવ્યા હતા.

વાદળછાયા વાતાવરણ વચ્ચે મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટું, ધીમીધારે વરસાદ અને કેટલાક વિસ્તારોમાં છાંટા પડયા હતા. જિલ્લાના અનેક વિસ્તારોમાં તેજ પવન ફૂંકાતાં અમુક સમય માટે ધુળિયુ વાતાવરણ જોવા મળ્યું હતું.

### ઇનોવા કારમાં દારૂ ભરેલ બુટલેગરે શામળાજી પોલીસને
# ખો આપી નાસી છૂટવાના ચક્કરમાં રિક્ષાને ટક્કર મારતા ૪ મુસાફરો ઈજાગ્રસ્ત

શામળાજી, તા. ૧૮

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર ઉત્તર ભારતના રાજ્યોમાંથી ઠલવાતો વિદેશી દારૂ પહોંચી હતી જેમને શામળાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. શામળાજી પોલીસે ઈનોવા કાર ચાલકને ઝડપી પાડી ઉભેલી પેસેન્જર રિક્ષાને અડફેટે લઈ ભાગવા જતા ઈનોવા કાર અટકી જતા પોલીસે બુટલગરને દબોચી લીધો હતો અને ઈજાગ્રસ્ત



અટકાવવા ચુસ્ત નાકાબંધી અને સઘન પેટ્રોલિંગ કરાતા બુટલેગરો મરણીયા બન્યા છે. રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી ઈનોવા કારમાં વિદેશી દારૂ ભરી આવનાર બુટલેગરને અટકાવતા ઈનોવાના ચાલકે પોલીસ પકડથી બચવા હંકારી મુકતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરાતા ગભરાયેલા બુટલેગરે ઈનોવા રોંગ સાઈડ હંકારી પેસેન્જર રિક્ષાને અડફેટે લેતા ૪ મુસાફરોના શરીરે ઈજાઓ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, શામળાજી બસસ્ટેન્ડ નજીક રોન્ગ સાઈડ વિદેશી દારૂ ભરી આવનાર ઈનોવા કારના ચાલકે પુરઝડપે હંકારતા લોકોએ બુમાબુમ કરી મૂકી હતી. પોલીસ પકડથી બચવા ઈનોવા કાર અને શામળાજી પોલીસ વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. ઈનોવા કારના ચાલકે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રોડ પર મુસાફરોને સારવાર અર્થે શામળાજી સરકારી દવાખાને ખસેડાયા હતા. સવારે બનેલી ઘટના બપોર સુધી પોલીસ ચોપડે ન નોંધાતા પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર શામળાજી પોલીસ પણ કયા પ્રકારનો ગુન્હો નોંધવો તે અંગે મુંજવણ અનુભવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. શામળાજી પીએસઆઈ કેતન વ્યાસનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા ફોન ઉઠાવવાની તસ્દી લીધી ન હતી.

# હોમગાર્ડ યુનિટ ડીસાના ઈન્ચાર્જ ઓફીસર કમાન્ડીગની નિમણૂંક

ડીસા, તા. ૧૮

હોમગાર્ડઝ તાલુકા યુનિટ, ડીસાના ઈન્ચાર્જ ઓફીસર કમાન્ડિગ અનુપદાસ બી. સાધુ વયનિવૃત્ત થતાં બનાસકાંઠા જીલ્લા કમાન્ડન્ટ આર.એમ. પંડયાએ ઈન્ચાર્જ ઓફિસર કમાન્ડિગ તરીકે પ્લાટુન સાર્જન્ટ શાંતિભાઈ કે. પંડ્યાની નિમણૂક કરી હતી. આથી પ્લાટુન કમાન્ડર એસ.જે. ઘોરી, કલાર્ક બાબુભાઈ ભોકુ, પ્લાટુન સાર્જન્ટ બાબુભાઈ છત્રાલીયા, એમ.એમ. પરમાર, બી.ડી. દેસાઈ, એમ.જે. પરમાર, એમ.આર. શ્રીમાળી, જી.એસ. ઠાકોર સહિત હોમગાર્ડઝ જવાનોની ઉપસ્થિતિમાં એસ.કે. પંડયાએ ચાર્જ સંભાળ્યો હતો.

# મોડાસાની સરકારી પ્રાથમિક શાળા નં. ૧માં ડ્રોઈંગ વર્કશોપનું સમાપન

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલી પ્રાથમિક શાળા નંબર ૧માં ડ્રોઈંગ વર્કશોપનું નિહાળવા માટે વિવિધ શાળાના બાળકો તેમજ શિક્ષકો આવ્યા હતા.

જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજિત ચિલ્ડ્રન ડ્રોઈંગ



સમાપન થયું છે. વર્કશોપના છેલ્લા દિવસે જિલ્લા કલેકટર એમ. નાગરાજને શાળાની મુલાકાત કરી બાળકોની મહેનત અને કળાને બિરદાવી હતી. પેઈન્ટિંગ વર્કશોપમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં બાળકોએ વિવિધ થીમ આધારિત પેઈન્ટિંગ તૈયાર કરી હતી. અંદાજે ૧૦૦થી વધારે પેઈન્ટિંગ તૈયાર થયા બાદ એક પ્રદર્શન પણ આયોજિત કરાયું હતું જેને એક્ટિવિટી વર્કશોપનું આયોજન કરાયું હતું, જે ૧૪ જૂનથી શરૂ થઈને ૧૮ જૂન સુધી તાલ્યું હતું, જેમાં સળંગ પાંચ દિવસ સુધી બાળકોએ તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ વિવિધ ચિત્રો તૈયાર કર્યો હતા. વર્કશોપના છેલ્લા દિવસે બાળકોએ તૈયાર કરેલા પેઈન્ટિંગને નિહાળવા માટે અરવલ્લી જિલ્લા કલેકટર શાળામાં પહોંચીને વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા.

## પીટુપી માઈક્રો ફાઈનાન્સ મંચ એસેટસ્ટ્રીમ પબ્લિક ટોકન સેલ થકી ૧૪૯ કરોડ ઉભા કરશે

વૈશ્વિક વિકેન્દ્રીકરણ સમોવડિયાથી સમોવડિયા માઈક્રો ફાઈનાન્સ મંચ એસેસટ્રિમ તેના મોજૂદ પબ્લિક સેલ થકી ૨૧ મિલિયન ડોલર (રૂ. ૧૪૯ કરોડ)ની ગ્રોથ કેપિટલ ઉભી કરશે. સક્ષમ બ્લોક ચેઈન આધારિત સમોવડિયાથી સમોવડિયાનો માઈક્રો ફાઈનાન્સનો મંચ છે. તે બેંકિંગની પહોંચથી દૂર રહેલા નાગરિકોને નાણાંકીય સેવાઓને પહોંચ આપીને ગરીબી નાબુદીમાં યોગદાન આપવા અને નાણાંકીય સમાવેશ કરતા પ્રદાન કરવા માંગે છે. તે સંપૂર્ણ સમોવડિયાથી સમોવડિયા નેટવર્ક વિસ્તારી રહી છે. જેમાં પર્સનલ લોન લેનારા સ્થાનિક સમુદાયોનો સમાવેશ કરાશે. પરંતુ આરંભમાં નાના ઉદ્યોગોને અગ્રતા આપવામાં આવશે.

ભારતમાં માઈક્રો ફાઈનાન્સની વૃદ્ધિ વિશે બોલતાં એસેટસ્ટ્રીમના એડવાઈઝર કર્ણિકા યશવંતે જણાવ્યું હતું કે માઈક્રો ફાઈનાન્સનું સ્વરૂપ ઉદ્ભવ થયો ત્યારથી બદલાયું છે અને વર્ષ દર વર્ષ ધોરણે ૩૦ ટકા સુધી લોન પોર્ટફોલિયોમાં વધારો નોંધાવીને વૃદ્ધિ દર્શાવતો પરિવર્તને ગતિ પકડી છે. બાકી લોનની રકમ હવે ૧૪૮૦ અબજ છે. વૃદ્ધિની ગાથાને આ ક્ષેત્રમાં પારદર્શકતા વધારો અને યોગ્ય નિયમનો આવ્યા હોવાથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે.

## એચડીએફસી બેંક ગુજરાતમાં ૨૫ નવી શાખાઓ શરૂ કરશે

એચડીએફસી બેંક લિમિટેડે આજે જાહેરાત કરી છે કે ગુજરાતમાં ૨૫ નવી શાખાઓ શરૂ કરશે તેથી તેની શાખાઓનુ નેટવર્ક ૪૪૦થી વધુ થશે. બેંક આ શાખાઓ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં શરૂ કરી દેશે. આજે અમદાવાદમાં એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત બેંકના બ્રાન્ચ બેંકીંગ હેડ-ગુજરાત દેબાશિસ સેનાપતિએ કરી હતી.

એચડીએફસી બેંકે ગુજરાતમાં તેની મજલની શરૂઆત વર્ષ ૧૯૯૬માં અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં શાખા શરૂ કરીને કરી હતી. બેંકે ગુજરાતમાં તેના ૨૦ લાખ ગ્રાહકોને સર્વિસ પૂરી પાડવા તેની શાખાઓનુ નેટવર્ક ઝડપથી વિસ્તાર્યુ છે. બેંકે રાજ્યમાં ડિજીટલ બેંકીંગ વ્યુહરચનાને સામૂહિકપણે વેગ આપીને તથા મલ્ટીપલ પ્લેટફોર્મસનો ઉપયોગ કરી પણ સર્વિસિસ પૂરી પાડી રહી છે. તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ની સ્થિતિએ રાજયમાં બેંકનુ ૪૧૫ શાખાઓ અને ૧૧૮૭ એટીએમનુ નેટવર્ક હતુ, જે ખાનગી બેંકોમાં સૌથી મોટુ છે.

## ખરીફ વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કપાસના પાકનું આજ સુધીમાં ૫૮૩૦ હેક્ટરમાં, મગફળીનું ૬૬૩ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૪૫૮૦ હેક્ટરમાં વાવેતર થયુ છે. શાકભાજીના પાકોનું વાવેતર ૨૧૨૬ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં વાયુ વાવાઝોડાની અસરને લઈ થયેલા વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે એટલુ જ નહિ વાવેતર માટે અનુકૂળ એવુ હવામાન પણ હવે બનવા પામ્યુ છે જેથી આગામી દિવોસમાં ખરીફ ઋતુના વાવેતરમાં ભારે વેગ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ઘાસચારાના વાવેતર વિસ્તારમાં આ વખતે પણ વધારો જોવા મળશે. મૂંગા પશુધનની ખોરાકની જરૂરિયાતને પહોંચી વળવા ખેડૂતો તેના પર ભાર મુકી રહ્યા છે. આ ઉપરાંત શાકભાજી માટે પણ ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કઠોળ પાકોના વાવેતર પણ ખેડૂતો આ વખતે વધુ કરશે કારણ કે બજારમાં તેના ભાવ સારા મળી રહ્યા છે. કપાસના પાકમાં ગત વર્ષે સરેરાશ વાવેતર વિસ્તાર જળવાઈ રહ્યો હતો જોકે આ વર્ષે તેમાં થોડોક ઘટાડો જોવા મળશે જ્યારે મગફળી અને શાકભાજીના પાકોમાં વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે.

## વરસાદ નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આજે સાર્વત્રિક અસરને કારણે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પાણીની ધીમી આવક થઈ છે. જોકે ગરમીમાં લોકોને રાહતમ મળી છે. જિલ્લામાં સર્વત્ર વરસાદને કારણે તંત્રએ પણ રાહતનો દમ લીધો છે.

હજુ ૧૯મીએ પણ જિલ્લામાં હળવાથી ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

## બે ટીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તપાસ કરાશે આ ઉપરાંત અન્ય શિક્ષકો સામે પણ તપાસ કરાશે. આ માટે જિલ્લા શિક્ષણાધિકારી ડો ભરત વઢેરે અધિકારીઓની બે ટીમ પણ બનાવી છે. જયારે ટયુશનિયા શિક્ષકોની તપાસ દરમિયાન કસુરવાર શિક્ષકો સામે પણ પગલા લેવાશે. આ દરમિયાન જરૂર પડશે તો પોલીસ અને પંચની પણ મદદ લેવાશે. જયારે ગ્રાન્ટેડ શાળામાં ટયુશનિયા શિક્ષકોની હરકત સામે ગ્રાન્ટ કાપવા સુધીના પણ પગલા લેવાશે. આ મામલે શાળાના આચાર્યએ પણ ટયુશન નહીં કરતા હોવા અંગે શિક્ષકોનુ બાહેંધરીપત્ર પણ લેવાનુ રહેશે. વધુમાં આ અંગે રજીસ્ટર પણ રાખી વિગતો રાખવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ સુચના આપી છે.

## મેઘ મહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. ધોધમાર વરસાદના કારણે રાજયભરમાં જાણે ચોમાસાની સીઝન જામી હતી. જો કે, રાજયમાં વરસાદનું સૌથી વધુ જોર સૌરાષ્ટ્ર પંથકમાં નોંધાયું હતું. વહેલી સવારથી વરસી રહેલા વરસાદને કારણે રાજકોટના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સમયાંતરે ધોધમાર ઝાપટુ વરસી જતા શહેરના યાજ્ઞીક રોડ, લક્ષ્મીનગર, રિંગરોડ, મવડી સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ગોંડલના ભોજરાજપરા શેરી નંબર ૧૦ મોળા કુવા પાસેના વિસ્તારમાં વરસાદી વાતાવરણ વચ્ચે સવારના વીજપોલ પાસે ઉભેલી ગાયને વીજ કરંટ લાગતા તેનું કમકમાટીભર્યું મોત નીપજતા ગૌ પ્રેમીઓમાં અરેરાટી અને રોષની લાગણી ફેલાઈ હતી. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ નોંધાયો હતો. જૂનાગઢ, ભાવનગર, રાજકોટ, અમરેલી સહિતના જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો. ઉના અને ગીરમાં છેલ્લા ૧૨ કલાકમાં ગાજવીજ સાથે ધોધમાર ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. દીવ અને ગીરગઢડામાં બેથી અઢી ઈંચ વરસાદ નોંધાયો હતો. ગીરગઢડાના થોરડી ગામ નજીક શાંગાવાડી નદીમાં પૂર આવતા લોકો જોવા ઉમટ્યા હતા. ગીર જંગલમાં વધુ વરસાદ હોવાથી નદીઓમાં પૂર આવ્યા હતા.

## નિવૃત્ત કરી દેવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિશનરની રેંકના અધિકારી પણ સામેલ છે. જુદા જુદા નિયમો હેઠળ આ આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. આ તમામને ભ્રષ્ટાચાર અને લાંચના આરોપસર રિટાયર્ડ કરવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકાર હજુ પણ આક્રમક કાર્યવાહી કરી શકે છે. નાણામંત્રાલયના એક આદેશ મુજબ નિયમ ૫૬ (જે) હેઠળ સરકારે કેન્દ્રીય ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ (સીબીઆઈસી)ના અધિકારીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે જેમાં પ્રિન્સિપલ કમિશનર રેંકના અધિકારીથી લઈને આસીસ્ટન્ટ કમિશનર સુધીની રેંકના અધિકારીઓ સામે પગલા લેવામાં આવ્યા છે. આ અધિકારીઓ પૈકી કેટલાક પહેલાથી જ સસ્પેન્સનની સ્થિતિમાં હતા. નાણામંત્રાલયના આદેશમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી.